# દાહોદ-પંચમહાલ જિલ્લામાં હોળી પર્વની આસ્થાભેર ઉજવણી


દાહોદના ગાંધીચોકમાં હોળીની આસ્થાભેર ઉજવણી


ઝાલોદના ખાંટવાડામાં હોળીની ઉજવણી


સંજેલીમાં હોળીની પ્રદક્ષિણા કરતા ગામલોકો


લીમખેડા ગામમાં હોળી તહેવારની ઉજવણી


ગરબાડામા હોળી માતાની પ્રદક્ષિણા કરતા ગામલોકો


કાલોલ હાઉસિંગ સોસાયટીમાં હોલિકા દહન


સિંગવડમાં હોળી માતા દર્શને ગામલોકો ઉમટ્યા

(પ્રતિનિધિ) દાહોદ, ઝાલોદ, સંજેલી, સિંગવડ, લીમખેડા, ગરબાડા, કાલોલ, તા.13

પંચમહાલ-દાહોદ જિલ્લામાં આજે પુનમના દિવસે હોળી તહેવારની લોકો ધામધુમ પુર્વક ઉજવણી થઈ હતી. વિવિધ શહેર તથા ગામડાઓના વિવિધ વિસ્તારોમાં હોળી દહન કરવામાં આવ્યુ હતુ. જેમાં હિન્દુ સમાજના લોકો આસ્થાભેર હોળી માતાની પૂજા અર્ચના કરી પ્રદક્ષિણા કરી એકબીજાને શુભકામનાઓ પાઠવી હતી. દાહોદ, કાલોલ, સંજેલી, લીમખેડા, ઝાલોદ અને ગરબાડા સહિત સમગ્ર જિલ્લામાં તહેવારની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. જયારે બીજા દિવસે ધુળેટીનો તહેવાર હોઈ મહિલા, પુરૂષ, બાળકો તથા આબાલ વૃધ્ધો સૌ કોઈમાં ધુળટી પર્વે એકબીજાને રંગોના છાંટણા કરી કરી તહેવારની ઉજવણી કરવાનો થનગનાટ જોવા મળ્યો હતો.

બંને જિલ્લાઓમાં જિલ્લાવાસીઓ ધુળેટી પર્વની પણ હર્ષોઉલ્લાસ તેમજ આનંદ ભર્યા માહૌલમાં ઉજવણી કરવા લોકોમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. તેની સાથે સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પણ હોળી, ધુળેટી પર્વની ધામધુમથી ઉજવણી કરવામાં આવનાર છે. ત્યારે બીજી તરફ દાહોદ શહેર સહિત જિલ્લામાં હોળી, ધુળેટી પર્વમાં કોઈ અનીચ્છીનીય બનાવ ન બને તેની તકેદારીના ભાગરૂપે બંને જિલ્લામાં પોલીસ દ્વારા ચાંપતો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે

જેમાં ખાસ કરીને દાહોદ-ગોધરા અને જિલ્લાના મુખ્ય મથકોના બસ સ્ટેશને હોળીનો તહેવાર મનાવવા રાજ્યમાંથી મોટી સંખ્યામાં લોકો વતન પરત આવે છે. સાથે હોળીનો તહેવાર ઉજવવા માટે લોકો મજુરી સહિતના કામો કરી નાણા લઈને આવે છે. ત્યારે આ તકનો લાભ લઈ અને ખિસ્સા કાતરુઓ લોકોના ગજવા કાપી લઈ જઈ નુકસાન કરે છે. આ બાબતની સાવચેતી અને અગમચેતી માટે દાહોદ પોલિસ દ્વારા બસ સ્ટેશન વિસ્તારમાં સઘન ચેકીંગ હાથ ધરવામાં આવી રહી છે.

આમ બંને જિલ્લાઓના મુખ્ય મથકો અને અંતરિયાળ ગામડાઓમાં ઠેરઠેર ભક્તિભાવ પૂર્વક હોળી પર્વની નાગરિકોએ ઉજવણી કરી હતી અને સાથે સાથે આખુ વર્ષ શાંતિમય રીતે પસાર થાય તેવી હોળી માતાને પ્રાર્થના કરી હતી. તો બીજી તરફ આવતીકાલે બંને જિલ્લાઓમાં ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવનાર છે જેમાં નાના થી માંડીને મોટા સૌકોઈ એકબીજા પર રંગોની છોળો ઉડાડી અબીલ ગુલાલ છાંટી રંગપર્વની ઉજવણી પણ કરતા જોવા મળશે.

### જાંબુઘોડા તાલુકાના ઉઠવણ પ્રાથમિક શાળામાં આચાર્યની તાનાશાહી

## વિદ્યાર્થીઓ પાસે સંડાસ-બાથરૂમ સાફ કરાવતા વાલીઓમાં રોષ વ્યાપ્યો



(પ્રતિનિધિ) જાંબુઘોડા, તા.13

જાંબુઘોડા તાલુકાને અડીને આવેલી ઉઢવણ પ્રાથમિક શાળા માં સ્કૂલમાં અભ્યાસ કરતા વિધાર્થીની ઓ તેમજ વિધાર્થીઓ પાસે સંડાસ બાથરૂમ સાફ કરાવતા ગ્રામજણો રોષે ભરાયા હતા જેમા ઉઢવણ ગામ ના એક જાગૃત નાગરિકે તા.૧૨.૩.૨૦૨૫ ના રોજ સવારના અગિયાર વાગ્યાની આસપાસ પ્રાથમિક શાળા માં મુલાકાત લેતા જયા સ્કુલના આચાર્ય દ્વારા શાળા માં અભ્યાસ કરતા વિધાર્થીઓ પાસે શાળાની બહાર આવેલ હેંડપંપ ઉપર પાની લવડાવીને સંડાસ બાથરૂમ સાફ કરાવી રહ્યા હતા આ બાબતે ગામ ના જાગૃત નાગરિકે સંડાસ બાથરૂમ સાફ કર્તાનો વિડીઓ બનાવીને સ્કૂલના મેન ગેટ પાસે આવતા આચાર્ય દ્વારા વિડીઓ કેમ ઉતાર્યો છે અને શાળામાં આવતા પહેલા મુલાકાત રજીસ્ટ્રાર માં સહી કરવી પડે અને હું તમારા પર ફરીયાદ કરીશ તેવી ધમકી આપવામાં આવી હતી ત્યારબાદ આ જાગૃત નાગરિકે આ બાબતની જાણ જાંબુઘોડા ટી.પી.ઓ તેમજ જાંબુઘોડા બી.આર.સી .ને કરવામા આવતા બંન્ને અધિકારીઓ તપાસ અર્થે આવતા પહેલા આચાર્ય શાળામાં અડધા દિવસની રજા મુકીને રવાના થઈ ગયા હતા.

જેમા ટી.પી.ઓ દ્વારા સ્કુલના અધ્યક્ષને તેમજ શાળા કમિટી ના સભ્યો ને શાળાએ બોલાવવામાં આવ્યા હતા જ્યા તેઓએ આચાર્યની ઉઢવણ પ્રાથમિક શાળા માં થી બદલી કરી કોઈ સારુ એવુ આચાર્ય નુ સૂકાન સંભાળી સકે તવી માંગ કરી હતી ત્યારબાદ અગાઉ પણ એસ એમ.સી.ના સભ્ય તેમજ શાળા ના અધ્યક્ષ દ્વારા સ્કૂલમાં આચાર્ય ને સ્કૂલમાં દારુ પિને ના આવવા માટેનુ પણ જણાવવામાં આવ્યુ હતું. શાળાઓ માં આવુજ જો ચાલતુ રહેશે તો બાળકો ના ભવિષ્ય નું શું થશે ? તેવા પણ સવાલો ઉઠવા પામ્યા હતા.

## દાહોદના મછેલાઈ ગામે વાહન અકસ્માતમાં 1નુ મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.13

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના મછેલાઈ ગામે પસાયતાં ફળિયામાં રહેતાં દલપતભાઈ બલુભાઈ તાવીયાડ પોતાની સાથે મોટરસાઈકલ પર ફતેસીંગભાઈ ભરતભાઈ પણદાને મોટરસાઈકલની પાછળ બેસાડી સીંગવડના મછેલાઈ ગામેથી પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યાં હતાં તે સમયે આગળ જતાં એક ટ્રેક્ટરની પાછળ દલપતભાઈએ પોતાના કબજાની મોટરસાઈકલ જોશભેર અથડાવી દેતાં સર્જાયેલ આ માર્ગ અકસ્માતમાં દલપતભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેઓનું મોત નીપજ્યું હતું.

### 1.70 કરોડના ચેક રિટર્નના કેસનો મામલો

## વિવિધ 4 કેસમા બે ભાગીદારોને હાલોલ કોર્ટે નિર્દોષ છોડી મુક્યા

(પ્રતિનિધિ) કાલોલ, તા.13

હાલોલ તાલુકાના કંજરી ગામની સર્વે નંબર ૨૦૩૩ વાળી જમીન વૈશાલીબેન જીગ્નેશભાઈ શાહ પાસેથી સહકાર ઈન્ફ્રા નામની ભાગીદારી પેઢી અને તેના બે ભાગીદારો પ્રહલાદભાઈ જસરાજભાઈ પટેલ તેમજ વેણીલાલ તુલસીદાસ પટેલ રે વડોદરાનાઓ દ્વારા વેચાણ દસ્તાવેજ કરી કિંમત ૩,૬૦,૦૦,૦૦૦/ નક્કી કરી હતી અને તે પેટે રૂ 20 લાખ ચૂકવી આપ્યા હતા.

તેમજ બાકીની રકમના પોસ્ટ ડેટેડ ચેકો ફરિયાદીને લખી આપ્યા હતા. તે પૈકીના તારીખ ૧૦/૦૨/૨૦૨૨ ના રોજ નો ૪૭૦૮૪૮ નંબર નો રૂ ૪૦ લાખનો તથા તા.૧૦/૦૩/૨૦૨૨ ના રોજ નો ૪૭૦૮૪૯ નંબર નો રૂ ૪૦ લાખનો તથા તા ૧૦/૦૪/૨૦૨૨ ના રોજ નો ૪૭૦૮૫૦ નંબર નો રૂ ૪૫ લાખ તથા તા ૧૦/૦૫/૨૦૨૨ ના રોજ નો ૪૭૦૮૫૧ નંબર નો રૂ ૪૫ લાખનો એવા ચાર ચેક ફરિયાદીને આપ્યા હતા જે તમામ ચેકો ફરિયાદીએ પોતાની બેંકમાં સમયાંતરે જમા કરાવતા ક્રમશઃ અપૂરતા ભંડોળના કારણે પરત આવેલ જે બાદ ક્રમશઃ નોટિસ આપી હાલોલ ના એડી.ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ની કોર્ટમાં ચાર અલગ અલગ ક્રિમિનલ કેસો દાખલ કરેલ હતા. જેમા નામદાર કોર્ટે "પક્ષકારે કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવવું જોઈએ અને કોર્ટ પ્રોસેસનો દુરુપયોગ થવો જોઈએ નહીં અને ખોટા કેસોને ફગાવી દેવા જોઈએ" જે તમામ હકીકતો અને પડેલા પુરાવા ધ્યાને લઈને હાલોલના એડી. ચીફ જ્યુ. મેજિસ્ટ્રેટ સી.જે પટેલ દ્વારા ફરિયાદી પોતાના કેસો નિઃશંકપણે પુરવાર કરી શક્યા ન હોવાથી ભાગીદારી પેઢી સહિત બંને ભાગીદારોને ચારેવ કેસ માં તા ૧૧/૦૩/૨૫ ના રોજ નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ રૂ ૩૦ લાખના ચેક રીટર્ન ના આજ પક્ષકારો ના કેસમાં હાલના આરોપીઓને હાલોલ ના જ્યુ મેજિસ્ટ્રેટ ફ. ક દ્વારા નિર્દોષ જાહેર કરી છોડી દેવામાં આવ્યા હતા.

### ફતેપુરા તાલુકાના ઝાબપૂર્વ ગામનો બનાવ

## મામાના ઘરે રહેતા બાજરવાડાના 18 વર્ષીય ભાણાએ ફાંસો ખાધો

(પ્રતિનિધિ) સુખસર,તા.13

પંથકમાં એક અણ બનાવની ચર્ચા થંભતી નથી ત્યાંજ બીજા અપ મૃત્યુ નો બનાવ બની રહ્યો છે.તેવી જ રીતે બુધવારના રોજ મામાના ઘરે આવેલા યુવાનીના ઉંબરે પહોંચેલા ભાણીયાએ ગળે ફાંસો ખાઈ મોત વહાલું કરી લેતા હાહાકાર મચી જવા પામ્યો છે.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના ઝાબપૂર્વ ગામે ઝાલોદ તાલુકાના બાજરવાડા ગામના કોદા ફળિયામાં રહેતા સતિષભાઈ મુકેશભાઈ સંગાડા (ઉંમર વર્ષ.18) નાઓ ઝાબપૂર્વ ગામે મામાના ઘરે આવેલ હતો. ત્યારે કોઈ અગમ્ય કારણસર ગતરોજ મામાના ઘરે ધાબા વાળા પાકા મકાનમાં ભોયરા વાળા રૂમમાં હીચકા ખાવાના લોખંડના કડા સાથે દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો.જેના કારણે સતિષભાઈ સંગાડાનું મોત નીપજ્યું હતું.મૃતક યુવાને કયા કારણોસર ગળે ફાંસો ખાઈ મોત વહાલું કર્યું તે જાણવા મળ્યું નથી જ્યારે આ વાત યુવાનના બાજરવાડા ગામે જાણવા મળતા પરિવાર સહિત ગામમાં અને સગા-સંબંધીઓમાં અરેરાટી ફેલાઈ જવા પામી છે. ઉપરોક્ત બાબતે મૃતક સતિષભાઈ સંગાડાના પિતા મુકેશભાઈ શકરીયાભાઈ સંગાડા નાઓએ સુખસર પોલીસ સ્ટેશનમાં જાહેરાત આપતા પોલીસે અકસ્માત મોત અન્વયે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

### ફતેપુરા તાલુકાના સુખસરમાં વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરોની કામગીરી

## શરણૈયાથી સુખસર કતલખાને લઈ જવાતા 10 પશુઓને બચાવાયા

**સુખસર** પોલીસે પશુઓ સહિત 16.30 લાખનો મુદ્દા માલ કબજે કર્યો



(પ્રતિનિધિ) સુખસર,તા.13

સંતરામપુર તાલુકાના મોટા શરણૈયા થી સુખસર ખાતે પશુઓને કતલખાને પહોંચાડવામાં આવી રહ્યા હોવાની સુખસર,ફતેપુરા,આફવા તથા બલૈયાના વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓને ચોક્કસ બાતમી મળતા વીએચપીના કાર્યકર્તાઓએ બલૈયા ક્રોસિંગ ખાતે વોચમાં રહી રાત્રિના સમયે પીક અપ ડાલામાં કૃરતા પૂર્વક બાંધેલા નવ પાડા તથા એક પાડી ઝડપી લઈ પોલીસને જાણ કરતા પોલીસે 16,30,000 નો મુદ્દા માલ કબજે કરી બે આરોપીઓની વિરુદ્ધમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે. વીએચપીના કાર્યકર્તાઓએ આ ગાડીનો પીછો કરતા સુખસરમાં સંતરામપુર રોડ ઉપર આવેલ નીલકમલ શો મીલના ખાંચામાં પ્રથમ પાડા ભરેલ પીક અપ ગાડી તથા તેની પાછળ આવતી થાર ગાડી મૂકી બંને ચાલકો નાસી છૂટ્યા હતા.જેથી વીએચપી ના કાર્યકર્તાઓએ સુખસર પોલીસને ફોન કરતા પોલીસ સ્થળ ઉપર આવી ગયેલ.અને પીક અપ ગાડીમાં ચેક કરતા નાના પાડા નંગ નવ તથા પાડી નંગ એક ઘાસચારો કે પાણીની સગવડ નહીં રાખી કુરતા પૂર્વક ખીચોખીચ બાંધેલ હોય ઉપરોક્ત પીકઅપ ડાલુ તથા પાઈલોટિંગ કરતી ગાડી તપાસ અર્થે કબજે લેવામાં આવી છે.

### યુવતી છેલ્લા પાંચેક દિવસથી ગુમ હતી

## ફતેપુરા તાલુકાના ગવાડુંગરાની કિશોરીની કૂવામાંથી લાશ મળી



(પ્રતિનિધિ) સુખસર,તા.13

ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં દિન-પ્રતિદિન કમોતના બનાવો નો સિલસિલો ચાલુ રહેવા પામેલ છે.જેમાં વધુ એક બનાવ તાલુકાના ગવાડુંગરા ગામની 16 વર્ષની કિશોરી રવિવારના રોજથી ગુમ હતી.જેની લાશ આજરોજ ગામના કૂવામાંથી મળી આવતા પરિવાર સહિત ગામમાં હાહાકાર મચી જવા પામ્યો હોવાનું જાણવા મળે છે. જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના ગવાડુંગરા ગામના મંદિર ફળિયા ખાતે રહેતા દિલીપભાઈ માલ ખેતીવાડી તથા છૂટક મજૂરી ધંધો કરી ઘરનું ગુજરાત ચલાવે છે.જેઓની પુત્રી કાજલબેન દિલીપભાઈ માલ (ઉંમર વર્ષ આશરે.16)ની ધોરણ 10 માં અભ્યાસ કરતી હતી.ત્યારે દિલીપભાઈ માલ તથા તેમના પત્ની બહારગામ મજૂરી કામે ગયેલ હતા. અને ઘરે કાજલબેન દાદા પાસે રહેતી હતી.કાજલબેન ગત રવિવારના રોજ ઘરેથી કોઈને કીધા વિના નીકળી ગઈ હતી.ત્યારે ઘરના સભ્યોએ કાજલબેનના સગા સંબંધીઓ તેમજ પરિચિતોમાં તપાસ કરવા છતાં કોઈ ભાળ મળી ન હતી. જ્યારે આજરોજ સવારના દસેક વાગ્યાના અરસામાં કુવા નજીક આવેલ ખેતરના ઘરના મહિલા સભ્ય કુવા બાજુ જતા દુર્ગંધ આવે તેમ જણાતા કુવામાં નજર કરી હતી. ત્યારે કુવામાં કાંઈક પડેલ હોવાનું નજરે પડતા આ વાત આસપાસના લોકોને કરતા લોકો દોડી આવ્યા હતા. અને કુવામાં જોતા લાશ જોવા મળેલ.આ વાત વાયુવેગે ગામમાં ફેલાઈ જતા ગામ લોકો ભેગા થઈ ગયા હતા.અને કુવામાં જોતા આ લાશ કાજલબેન માલની હોવાનું જણાઈ આવ્યું હતું. ત્યારબાદ આ બાબતે સુખસર પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી.